દાખલ તારીખઃ- ૦૩/૧૨/૨૦૨૪

રજીસ્ટર તારીખઃ-૦૩/૧૨/૨૦૨૪

ફૈસલ તારીખઃ-૩૦/૦૩/૨૦૨૬

સમયગાળોઃ- વર્ષ- માસ- દિવસ

૦૧- ૦૩ - ૨૭

**મે. ભાવનગરના અધિક જિલ્લા ન્યાયાધિશ (કુ. આર. એ. નાગોરી)શ્રીની કોર્ટમાં, મુ.તળાજા.**

**રેગ્યુલર દિવાની અપીલ નં.૧૦/૨૦૨૪**

**આંક-**

**અપીલકર્તા (મૂળ અરજદારો)**

(૧) મયુરકુમાર મહેન્દ્રભાઇ બારૈયા

ઉ.આ.વ.-૨૯, ધંધો-નોકરી

રહે.- ઘાંટરવાળા,, તા.તળાજા, જિ.ભાવનગર.

(૨) પાયલ ભાનુભાઇ જાની

ઉ.આ.વ.-૨૮, ધંધો-નોકરી

રહે.- ગાયત્રીનગર, તા.તળાજા, જિ.ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળાઃ-**

શ્રી સરકાર

**બાબતઃ-એચ.એમ.પી. નં.૧૦/૨૦૨૩ના કામે તળાજાના પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજશ્રીએ તા.૧૧/૦૯/૨૦૨૪ ના રોજ કરેલ હુકમ અને હુકમનામા સામે હિંદુ લગ્ન અધિનિયમની કલમ-૨૮ મુજબ અપીલ.**

**અપીલકર્તા તરફે : વિ.વ.શ્રી એ.વાય.લાખાણી**

**સામાવાળા તરફે : ---**

**:: જજમેન્ટ ::**

**(૧)** અપીલકર્તા તરફે હાલની રેગ્યુલર દિવાની અપીલ તળાજાના મુખ્ય સિનિયર સિવિલ જજસાહેબશ્રીએ તેઓ સમક્ષની એચ.એમ.પી.નં.૧૦/૨૦૨૩ના કામે તા.૧૧/૦૯/૨૦૨૪નાં રોજ કરેલ હુકમ સામે દાખલ કરવામાં આવેલ છે અને તે દ્વારા મૂળ અરજદારોએ પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા માટે કરેલ અરજી નામંજૂર કરતાં નામદાર ટ્રાયલ અદાલતના હુકમ તથા હુકમનામાને આ અદાલત સમક્ષ પડકારવામાં આવેલ છે.

**(૨)** અત્રે એ નોંધનીય છે કે સદર કામે સરળતા ખાતર હવે પછી ''અપીલકર્તા'' નો ઉલ્લેખ ''અરજદાર'' તરીકે તેમજ ''તળાજાના મુખ્ય સિનિયર સિવિલ જજસાહેબશ્રીની અદાલત'' નો ઉલ્લેખ ''ટ્રાયલ અદાલત'' તરીકે કરવામાં આવેલ છે.

**(૩)** અરજદારોની અપીલની હકીકત એ મુજબ છે કે,

અરજદારોએ તળાજાના મુખ્ય સિનિયર સિવિલ જજસાહેબશ્રીની અદાલતમાં હિંદુ લગ્ન અધિનિયમની કલમ-૧૩(૧)(બી) મુજબ પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા માટે નામદાર ટ્રાયલ અદાલતમાં એચ.એમ.પી.નં.૧૦/૨૦૨૩થી અરજી દાખલ કરેલી. સદર અરજીના કામે આંક-૯થી અરજદાર નં.૧ મયુરકુમાર મહેન્દ્રભાઇ બારૈયાનું સોગંદનામું, આંક-૧૦થી અરજદાર નં.૨ પયલબેન ભાનુભાઇ જાનીનું સોગંદનામું, અરજદારોના લગ્નની કંકોત્રી વિગેરે રજૂ રાખી અરજીની હકીકતને સમર્થનકારી તમામ પુરાવા રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ અરજદારો તરફે આંક-૧૩થી કલોઝીગ પુરશીસ રજૂ કરતાં, નામદાર ટ્રાયલ અદાલતે અરજીના કામે તા.૧૧/૦૯/૨૦૨૪નાં રોજ આંક-૧૪થી હુકમ કરી, અરજદારોની પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા અંગેની અરજી નામંજુર કરેલ છે, જેથી અરજદારોએ હાલની અપીલ દાખલ કરેલ છે.

**અપીલના કારણો:-**

(૩.૧) નામદાર ટ્રાયલ અદાલતનો હુકમ તથા હુકમનામું કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત સાથે સુસંગત નથી.

(૩.૨) નામદાર ટ્રાયલ અદાલતનો હુકમ તથા હુકમનામું વાસ્તવિક હકીકતોથી વિપરીત હોઇ રદ થવા પાત્ર છે.

(૩.૩) નામદાર ટ્રાયલ અદાલતે એચ.એમ.પી. નં.૧૦/૨૦૨૩નું સમગ્ર રેકર્ડ ધ્યાને લીધા સિવાય હુકમ તથા હુકમનામું જાહેર કરેલ હોઇ, નામદાર ટ્રાયલ અદાલતનો હુકમ તથા હુકમનામું રદ થવા પાત્ર છે.

(૩.૪) નામદાર ટ્રાયલ કોર્ટના હુકમમાં કાયદાની જોગવાઇઓનું યોગ્ય તથા ન્યાયિક અર્થઘટન કરવામાં આવેલ નથી તેમજ જે કારણો તથા તારણો આપવામાં આવેલ છે તે ભુલભરેલા કાયદાની જોગવાઇ વિરુધ્ધના છે.

(૩.૫) નામદાર ટ્રાયલ અદાલતે નામદાર હાઇકોર્ટ તેમજ સર્વોચ્ચ અદાલતે વિવિધ ચુકાદાઓમાં સ્થાપિત કરેલ કાયદા અને ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધ નિર્ણય કરેલ હોઇ, પ્રાથમિક રીતે જ નામદાર ટ્રાયલ અદાલતનો હુકમ તથા હુકમનામું રદ થવા પાત્ર છે.

(૩.૬) નામદાર ટ્રાયલ અદાલતે અરજદારે રજુ કરેલ લગ્નની કંકોત્રી તે લગ્ન થયેલા તેમ પુરવાર કરવા માટે પુરતા નથી તેમ માની, કાયદાની તેમજ હકીકતની ભુલ કરેલ છે.

(૩.૭) અરજદારોએ નામદાર ટ્રાયલ અદાલત સમક્ષ પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા અંગેની અરજી કરેલ છે. અરજદારોએ રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી વિરુધ્ધના કોઇ પુરાવાઓ રેકર્ડ ઉપર આવેલ નથી કે સાબિત થયેલ નથી. આમ છતાં, નામદાર સર્વોચ્ચ અદાલતે ટ્રાન્સફર પીટીશન નં.૨૦૪૩/૨૦૨૩ **''ડોલી રાણી વિરુધ્ધ મનિષ કુમાર ચંચલ''ના કામે** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતનું હાલના કેસની હકીકતો તેમજ સંજોગોને ધ્યાને લીધા સિવાય ખોટી રીતે અર્થઘટન કરી, નામદાર ટ્રાયલ કોર્ટે અરજદારોની અરજી રદ કરેલ હોઇ, નામદાર ટ્રાયલ અદાલતનો હુકમ તથા હુકમનામું રદ થવા પાત્ર છે.

**અપીલના કામે ગુજારેલ દાદ:-**

(૩.૮) જેથી, અરજદારોની અપીલ મંજૂર કરી, એચ.એમ.પી.નં.૧૦/૨૦૨૩ના કામે નામદાર ટ્રાયલ અદાલતે તા.૧૧/૦૯/૨૦૨૪નાં રોજ જાહેર કરેલ હુકમ તથા હુકમનામું રદબાતલ ઠરાવી, અરજદારો દ્વારા કરવામાં આવેલ

હિંદુ લગ્ન અધિનિયમની કલમ-૧૩બી ની અરજીને આધીન પરસ્પર સંમતિથી અરજદારોના લગ્નનો અંત એટલે કે લગ્ન વિચ્છેદનો હુકમ તથા હુકમનામું કરી આપવા અરજ ગુજારેલ છે.

**(૪)** અપીલના કામે અરજદાર તરફે વિ.વ.શ્રી એ.વાય.લાખાણીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. તેઓએ એચ.એમ.પી.નં.૧૦/૨૦૨૩ના કામે રજૂ થયેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની વિગતવાર ચર્ચા કરી, નામદાર ટ્રાયલ અદાલતના હુકમના તારણો તથા કારણો સંબંધિત વિગતવાર રજૂઆત કરતા દલીલ કરેલ છે કે અરજદારોએ પરસ્પર સંમતિથી છુટાછેડા મેળવવા માટે અરજી કરેલ છે. જો અરજદારોના લગ્ન જ થયેલ ન હોત તો અરજદારોને છુટાછેડા મેળવવા માટે અરજી કરવાનું કોઇ કારણ ન હતું. અરજદારોએ તેઓના પુરાવાના સોગંદનામા રજુ કરી તેમજ લગ્નની કંકોત્રી રજુ કરી, તેઓના લગ્ન વિધિપુર્વક થયેલ હોવાની હકીકત પુરવાર કરેલ છે. અરજદારોએ રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી વિરુધ્ધના કોઇ પુરાવાઓ રેકર્ડ ઉપર આવેલ ન હોવા છતાં, નામદાર સર્વોચ્ચ અદાલતે ટ્રાન્સફર પીટીશન નં.૨૦૪૩/૨૦૨૩ **''ડોલી રાણી વિરુધ્ધ મનિષ કુમાર ચંચલ''ના કામે** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતનું હાલના કેસની હકીકતો તેમજ સંજોગોને ધ્યાને લીધા સિવાય ખોટી રીતે અર્થઘટન કરી, નામદાર ટ્રાયલ કોર્ટે અરજદારોની અરજી રદ કરી, કાયદા તેમજ હકીકતનું અર્થઘટન કરવા અંગેની મહત્વની ભુલ કરેલ છે. જેથી, સદર તમામ હકીકતો ધ્યાને લઇ, અરજદારોની પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા માટે કરેલ અરજી નામંજૂર કરતો નામદાર ટ્રાયલ અદાલતે ફરમાવેલ હુકમ કાયદાકીય અને હકીકતની મહત્વની ભુલ ધરાવતો હોઇ, તે રદ ફરમાવી અરજદારની અપીલ મંજૂર કરવા અરજ ગુજારેલ છે.

**(૫)** સદર કામે અપીલ મેમોની હકીકત, અરજદાર તરફે થયેલ મૌખિક દલીલ, નામદાર ટ્રાયલ અદાલતનું એચ.એમ.પી.નં.૧૦/૨૦૨૩નું સમગ્ર રેકર્ડ વિગેરે લક્ષમાં લેતાં, સદર અપીલના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-:: મુદ્દા::-**

(૧) શું વિદ્વાન ટ્રાયલ અદાલતે તેઓ સમક્ષની એચ.એમ.પી. નં.૧૦/૨૦૨૩ના કામે

તા.૧૧/૦૯/૨૦૨૪નાં રોજ અરજદારોની અરજી નામંજુર કરતો આંક-૧૪થી ફરમાવેલ હુકમ હકીકત તેમજ કાયદાની પ્રસ્થાપિત જોગવાઇ વિરુધ્ધનો, ભુલભરેલો અને હસ્તક્ષેપ કરવા પાત્ર છે?

(૨) શું હુકમ?

**(૬)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબના છે.

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કારણો::-**

**મુદ્દા નંબર-(૧):-**

**(૭)** અત્રે એ નોંધનીય છે કે નામદાર ટ્રાયલ અદાલતે અરજદારોની પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા માટે કરેલ અરજી નામંજૂર કરતા તેવા હુકમથી નારાજ થઇ અરજદારોએ હાલની અપીલ કરેલ છે. જેથી, સદર અદાલત પ્રથમ અપીલ અદાલત હોઇ, અપીલના નિર્ણય દરમિયાન ધ્યાને લેવાના સિધ્ધાંતો તથા અપીલ અદાલતની સત્તા અને ફરજોની જોગવાઇ લક્ષમાં લઇ અપીલ અદાલતે અપીલનો નિર્ણય કરવાનો રહે છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદામાં વખતોવખત પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ, પ્રથમ અપીલ અદાલતે તેની સમક્ષ અપીલ દરમિયાન ઉઠાવવામાં આવેલ મુદ્દા અંગે પક્ષકાર તરફે રજૂ થયેલ તમામ પુરાવાનું પુનઃમૂલ્યાંકન કરી, સુસંગત કાનૂની સિધ્ધાંત તથા ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લઇ, નામદાર ટ્રાયલ અદાલતનાં હુકમના કારણો અને તારણો યોગ્ય અને કાયદેસરના છે કે કેમ તે નિર્ણિત કરવાનું રહે છે.

**(૮)** જેથી, સદર અપીલનો નિર્ણય કરતાં પહેલા નામદાર ટ્રાયલ અદાલત સમક્ષ અરજદાર તરફે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવો જરૂરી બની રહે છે. નામદાર ટ્રાયલ અદાલત સમક્ષ એચ.એમ.પી. નં.૧૦/૨૦૨૩ના કામે અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**અરજદાર તરફે રજૂ મૌખિક પુરાવો:-**

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર નં.૧ મયુરકુમાર મહેન્દ્રભાઇ બારૈયાનું પુરાવાનું સોગંદનામું | ૯ |
| ૨. | અરજદાર નં.૨ પાયલ ભાનુભાઇ જાનીનું પુરાવાનું સોગંદનામું | ૧૦ |

**અરજદાર તરફે રજૂ દસ્તાવેજી પુરાવો:-**

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદારોના લગ્નની કંકોત્રી | ૧૨ |

**(૯)** હવે, નામદાર ટ્રાયલ અદાલતે ફરમાવેલ તકરારી હુકમના કારણો અને તારણોનું અરજદાર તરફે રજૂ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાના પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન કરી, નામદાર ટ્રાયલ અદાલતનો તકરારી હુકમ યોગ્ય અને કાયદેસરનો છે કે કેમ તે નિર્ણિત કરવાનું રહે છે.

**(૯.૧)** સદર હકીકત નિર્ણિત કરવા માટે નામદાર ટ્રાયલ અદાલતે એચ.એમ.પી. નં.૧૦/૨૦૨૩ના કામે આંક-૧૪થી ફરમાવેલ હુકમ વંચાણે લેવો જરૂરી બની રહે છે. નામદાર ટ્રાયલ અદાલતનો તકરારી હુકમ વંચાણે લેતાં, નામદાર ટ્રાયલ અદાલતે ૨૦૧૯(૦) એઆઇજેઇએલ-એસસી ૬૫૨૯૪ **''રથ્નામ્મા વિરુધ્ધ સુજાથમ્મા''**ના ચુકાદા તથા ટ્રાન્સફર પીટીશન નં.૨૦૪૩/૨૦૨૩ **''ડોલી રાણી વિરુધ્ધ મનિષ કુમાર ચંચલ''** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ, અરજદારોના લગ્ન હિંદુ લગ્ન અધિનિયમની કલમ-૭ મુજબ વિધિપુર્વક થયેલ હોવા જોઇએ તથા લગ્ન વિધિપુર્વક થયેલ હોવાની હકીકત સબળ અને માનવા લાયક મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરીને પુરવાર કરવાની જવાબદારી અરજદારના શિરે રહેલ હોવાનું નિરીક્ષણ કરેલ હોવાનું અને તેવા નિરીક્ષણને આધીન જયાં સુધી અરજદાર તરફે હિંદુ લગ્ન અધિનિયમની કલમ-૭ મુજબ સપ્તપદીની અને અન્ય રીતરિવાજ મુજબની વિધિઓ કરવામાં આવેલ હોવાની હકીકત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી અરજદાર તરફે રજુ થયેલ લગ્નની કંકોત્રી અરજદારોના ખરેખર લગ્ન થયેલ હોવાની હકીકત પુરવાર કરવા માટે પૂરતાં નથી તેમ ઠરાવી, **'ડોલી રાણી વિરુધ્ધ મનિષ કુમાર**

**ચંચલ''** ના ચુકાદા માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ, અરજદારો તેઓના લગ્ન વિધિપુર્વક થયેલ હોવાની હકીકત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોવાના તારણ ઉપર આવી અરજદારોની અરજી રદ કરવામાં આવેલ હોવાનું જણાઇ આવે છે.

**(૯.૨)** જેથી, નામદાર ટ્રાયલ અદાલતના ચુકાદામાં **''રથનામ્મા વિરુધ્ધ સુજાથમ્મા''**ના ચુકાદા તથા ટ્રાન્સફર પીટીશન નં.૨૦૪૩/૨૦૨૩ **''ડોલી રાણી વિરુધ્ધ મનિષ કુમાર ચંચલ''** ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત સંબંધે કરવામાં આવેલ નિરીક્ષણને આધીન અરજદારો તરફે રજૂ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, એચ.એમ.પી.નં.૧૦/૨૦૨૩ના કામે આંક-૯થી અરજદાર નં.૧ મયુરકુમાર મહેન્દ્રભાઇ બારૈયાનું પુરાવાનું સોગંદનામું તથા અરજદાર નં.૨ પાયલ ભાનુભાઇ જાનીનું પુરાવાનું સોગંદનામું રજૂ કરવામાં આવેલ હોવાનું જણાઇ આવે છે. સદર સોગંદનામામાં અરજદારોએ તેઓના લગ્ન હિંદુ શાસ્ત્રોકત વિધિ મુજબ થયેલ હોવાની હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે. વધુમાં, અરજદારો તરફે આંક-૧૨થી થી તેઓના લગ્નની કંકોત્રી રજુ કરેલ છે. આંક-૧૨થી રજુ લગ્નની કંકોત્રી વંચાણે લેતાં, લગ્નની વિધિઓનો તેમાં ઉલ્લેખ કરવામાં આવેલ હોવાનું જણાઇઆવે છે. સદર પુરાવા બનાવટી કે ખોટી રીતે ઉભા કરવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી, અરજદારનો સદર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો હિંદુ લગ્ન અધિનિયમની કલમ-૭ના કાયદાકીય પ્રબંધોને આધીન લક્ષમાં લેતાં, અરજદારોના લગ્ન વિધિપુર્વક થયેલ હોવાની હકીકત પુરવાર થતી હોવાનું જણાઇ આવે છે. જેથી, અરજદાર તરફે રજુ થયેલ લગ્ન કંકોત્રીની નકલ અરજદારોના ખરેખર લગ્ન થયેલ હોવાની હકીકત પુરવાર કરવા માટે પૂરતાં ન હોવા સંબંધિત તેમજ **'ડોલી રાણી વિરુધ્ધ મનિષ કુમાર ચંચલ''** ના ચુકાદા માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ, અરજદારો તેઓના લગ્ન વિધિપુર્વક થયેલ હોવાની હકીકત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોવા સંબંધિત નામદાર ટ્રાયલ અદાલતનું તારણ હકીકત તેમજ કાયદાની પ્રસ્થાપિત જોગવાઇ વિરુધ્ધનું, ભુલ ભરેલું હોવાનું જણાઇ આવે છે. જેથી, નામદાર ટ્રાયલ અદાલતે સદર હકીકત તેમજ કાયદાની પ્રસ્થાપિત જોગવાઇ વિરુધ્ધના, ભુલ ભરેલ તારણને આધીન અરજદારોની અરજી નામંજુર કરતો આંક-૧૪નો તકરારી હુકમ કરેલ હોઇ, તેવો હુકમ હસ્તક્ષેપ કરવા પાત્ર હોઇ, મુદ્દા નંબર (૧)નો નિર્ણય હકારમાં ઠરાવી, મુદ્દા નંબર (૨) અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: -**

(૧) અપીલકર્તાની હાલની અપીલ મંજુર કરવામાં આવે છે. તળાજાના મે. મુખ્ય સિનિયર સિવિલ જજસાહેબશ્રીએ એચ.એમ.પી.નં.૧૦/૨૦૨૩ના કામે તા.૧૧/૦૯/૨૦૨૪નાં રોજ આંક-૧૪થી કરેલ હુકમ તથા હુકમનામું રદબાતલ જાહેર કરવામાં આવે છે.

(૨) અરજદારોના તા.૨૧/૧૧/૨૦૧૭નાં રોજ થયેલ લગ્નનો પરસ્પર સંમતિથી વિચ્છેદ થયેલ હોવાનું આથી જાહેર કરવામાં આવે છે. સદર લગ્ન વિચ્છેદ હુકમનામાની તારીખથી અમલી બનશે. સદર લગ્ન વિચ્છેદ એચ.એમ.પી.નં.૧૦/૨૦૨૩ની અરજીની શરતોને આધીન રહેશે.

(૩) પક્ષકારોએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

(૫) નામદાર ટ્રાયલ અદાલતનું રેકર્ડ સદર હુકમની નકલ સાથે પરત મોકલી આપવું.

આ હુકમ આજ રોજ તારીખ-૩૦ મી, માહે-માર્ચ, સને-૨૦૨૬નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા.-૩૦/૦૩/૨૦૨૬
તળાજા.

(આર. એ.નાગોરી)
અધિક જિલ્લા ન્યાયાધિશ,
ભાવનગર, મુ.તળાજા.
**(જીજે૦૦૫૭૮)**